**GJVD020030902024**

**<u>મે. બીજા અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એમ.રાજ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,</u>**
**<u>મુ. વડોદરા.</u>**

**ફોજદારી કેસ નં. ૨૪૫૭ –૨૦૨૪**
**આંક – ૧૦**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–** **જૈમીનભાઈ જયેશભાઈ પટેલ**

ફરિયાદી પક્ષના કેસની ટૂંકી વિગત નીચે મુજબની છે

૧. ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી, એમ.વી.એકટ કલમ ૧૮૫ ના ગુના અંગે ચાર્જસીટ કરેલ છે.

૨. ત્યારબાદ આ કામના આરોપી ને સમન્સ બજતાં તેઓ આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપી તેમની આંક– ૮ થી પ્લી લેતાં તેમણે ગુનો કબુલ કર્યાનું સ્વૈચ્છાએ સ્વીકાર કરી ગુના કબૂલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓને ઓછી સજા અને દંડ કરવા પોતા પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

૩. આરોપીની આંક– ૯ ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/ મોટી ઉમરનો ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબનો એકમાન કમાનાર સભ્ય છે.બાળબચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સમક્ષ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભો ભર્યા સ્થાન થી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

૪. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને સદરહુ ચુકાદાના પાન નંબર ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસનુ મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણ જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હુ નમ્રપણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: હુક મ ::

– આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૨ અન્વયે પ્રોહી.એ.ક. ૬૬(૧)બી મુજબના શિક્ષપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીએ રુ. ૧૦૦/– અંકે રુપિયા સો પુરા અને એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબના શિક્ષપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીએ રુ. ૨૦૦૦/– અંકે રુપિયા બે હજાર પુરા કુલ રુ. ૨૧૦૦/– અંકે રુપિયા બે હજાર એકસો પુરા નો દંડ અને કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવા હુકમ કરવામાં આવે છે.

– જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દરેક ગુનામાં દિન–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

– આ કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદ્દામાલ અંગે જો અગાઉ કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. અન્યથા અપીલ સમય વિત્યા બાદ સદર મુદ્દામાલની માલીકી અંગેની ખરાઇ કરી મુળ માલીકને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે. તેમજ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

– જો આરોપી જયુડીશીયલ કસ્ટડી હોય તો તે દિવસો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૮ મુજબ બાદ આપવા.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજનો નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૯/૨૦૨૪
સ્થળ :– વડોદરા.

**(બકુલકુમાર મણીલાલ રાજ)**
બીજા એડીશ્નલ સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક.,
વડોદરા. જજ કોડ – જીજે ૦૧૪૬૨

પાવતી નં. ................
રુપિયા ૨,૧૦૦/– (અંકે રુપીયા બે હજાર એક સો પુરા)
તા. ૧૪/૦૯/૨૦૨૪

નાઝર
ચીફ જયુડી.મેજી.કોર્ટ,
વડોદરા.